ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૯.૦° સે. | ૨૩.૦° સે. |
| બારડોલી | ૩૭.૦° સે. | ૨૧.૦° સે. |
| ભરૂચ | ૪૦.૦° સે. | ૨૪.૦° સે. |
| વ્યારા | ૩૭.૦° સે. | ૨૧.૦° સે. |



ગાંધી જયંતીના અવસરે બાજીપુરા (કમાલછોડ), કીમ, કોસંબા, કડોદમાં આયોજિત કરવામાં આવેલી

# ગ્રામસભામાં ગ્રામજનોની 'ગર્જના'

## બાજીપુરામાં ભ્રષ્ટાચારના આક્ષેપોથી ગ્રામસભા ગરમાઈ: સરપંચ ભાગી છૂટ્યા

વાલોડઃ ગાંધી જયંતીના પવિત્ર અવસરે વાલોડના બાજીપુરા (કમાલછોડ) ગ્રામ પંચાયત ખાતે યોજાયેલી ગ્રામસભા ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો અને ગ્રામજનોના ભારે આક્રોશ વચ્ચે ચર્ચાના એરણે ચડી હતી. જ્યાં જનહિતના પ્રશ્નો અને સ્વચ્છતા અંગે ચર્ચા થવાની હતી, ત્યાં સત્તાધીશોના કાગળ પરનાં વિકાસકામોનો પર્દાફાશ થતાં વાતાવરણ ગરમ થઈ ગયું હતું. સભામાં તલાટી દ્વારા પાંચ વર્ષના વિકાસ કામોની યાદી રજૂ કરવામાં આવી હતી, પરંતુ ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે રોડ-રસ્તા અને ગટરોના નામે લાખો રૂપિયાની ગ્રાન્ટો સફાચટ કરી દેવાઈ છે. અનેક કામો સ્થળ પર અસ્તિત્વમાં જ ન હોઈ, માત્ર કાગળ પર જ દર્શાવવામાં આવ્યાં હતાં. ગ્રામજનોએ જ્યારે આ અંગે કડક પૂછપરછ કરી ત્યારે યોગ્ય જવાબ આપવાને બદલે સરપંચ ચાલુ ગ્રામસભા અધૂરી મૂકીને ભાગી છૂટ્યા હતા. આ દરમિયાન સરપંચના પતિ પોતાની પત્નીના બચાવમાં આવીને ગ્રામજનો સાથે માથાકૂટ અને જીભાજોડી પર ઊતરી આવ્યા હતા.



### કુકરમુંડાની ફૂલવાડી ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચને ઉકાઈ વિસ્થાપિતોની રજૂઆત

કુકરમુંડાઃ ૨ ઓક્ટોબર ગાંધી જયંતી નિમિત્તે યોજાયેલી ખાસ ગ્રામસભામાં કુકરમુંડાના ઉકાઈ ડેમ યોજનાના વિસ્થાપિત નાના-મોટા વેપારીઓએ ફૂલવાડી ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ તથા તલાટી-કમ-મંત્રીને સામૂહિક રજૂઆત કરી હતી. શોપિંગ સેન્ટર વિસ્તારમાં છેલ્લાં ૫૦ વર્ષથી વધુ સમયથી રોજીરોટી મેળવતા આ વેપારીઓએ માંગ કરી છે કે તેમની દુકાનો હાલની સ્થિતિમાં જ યથાવત રાખી, ચોરસ ફૂટ મુજબ માપણી કરી નિયમ મુજબ ભાડું, પ્રીમિયમ તથા વેરા નક્કી કરીને કાયદેસર કરવામાં આવે. આ દુકાનો જાહેર માર્ગ કે ટ્રાફિકને અડચણરૂપ નથી. વેપારીઓએ પંચાયત દ્વારા સ્થળ માપણી અને પંચરોજકામ કરી, હકારાત્મક ઠરાવ પસાર કરીને દરખાસ્ત તાલુકા વિકાસ અધિકારી મારફતે કલેક્ટર કચેરી મોકલવા વિનંતી કરી છે. નિયમિતીકરણથી વિસ્થાપિતો, વિધવાઓ અને દિવ્યાંગોની આજીવિકા સુરક્ષિત થશે તથા પંચાયતની આવક વધશે.

બીજી તરફ નિયુક્ત નોડલ અધિકારીઓ ગેરહાજર રહેતા ગ્રામજનોએ તાલુકા વિકાસ અધિકારીનો ફોન પર સંપર્ક કર્યો હતો. જોકે, જનતાના પ્રશ્નો ઉકેલવાને બદલે TDOએ પણ ગેરજવાબદાર વર્તન દાખવી "એક-એક વર્ષની RTI કરો, હું જવાબ આપી દઈશ" એવો રોફ બતાવ્યો હતો. રાષ્ટ્રપિતા ગાંધીજીના ગ્રામ સ્વરાજ્યના સ્વપ્નને શરમાવે તેવી આ ઘટનાથી સમગ્ર પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જો તંત્ર દ્વારા આ બાબતે વહેલી તકે તટસ્થ તપાસ કરવામાં નહીં આવે, તો ગ્રામજનોએ આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી છે.

## કોસંબામાં ગ્રામસભા રણભૂમિ બની



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા પંચાયત પટાંગણમાં યોજાયેલી ગ્રામસભામાં વિવિધ મુદ્દાઓ બાબતે ઉગ્ર બોલાચાલી બાદ ધમાલ સર્જાઈ હતી. પોલીસની ગેરહાજરીમાં યોજાયેલી આ સભામાં એક તબક્કે અસલામતીનું વાતાવરણ ઊભું થયું હતું. સભાની શરૂઆતમાં જ ખેડૂત આગેવાન અંદાજ શેખે જીપીસીબીના અધિકારીઓની ગેરહાજરી સામે ભારે વાંધો નોંધાવ્યો હતો. ત્યારબાદ કોંગ્રેસી આગેવાન ફૈઝલ બાવા (પપ્પુ બાવા)એ પંચાયત વિસ્તારની ફેક્ટરીઓનાં ગેરકાયદે બાંધકામો અને પંચાયતને અસહકાર આપવા મુદ્દે તપાસની માંગ કરી હતી. સ્થાનિક ખેડૂતોએ જકાતનાકા પાસે મજૂરો માટેની સરકારી જમીન પર થયેલાં દબાણો દૂર ન થવા સામે રોષ ઠાલવ્યો હતો. દરમિયાન, રાકેશ વસાવાએ પંચાયત સદસ્ય દિનેશભાઈ વસાવા સામે છેલ્લાં ચાર વર્ષથી જાતિનું બોગસ સર્ટિફિકેટ બનાવ્યાની ચાલી રહેલી રજૂઆત બાબતે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આ મુદ્દે બે જૂથ વચ્ચે તું-તું-મેં-મેં થતાં ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. અંતે સરપંચ યાસ્મીન ફૈઝલ દાઉદજી અને ડેપ્યુટી સરપંચ સાહિર અબ્દુલ સત્તારે કાયદો હાથમાં ન લેવાની આકરી ચેતવણી આપી મામલો થાળે પાડ્યો હતો.

## કડોદ-મીયાવાડી ગ્રામસભામાં પ્રશ્નોનો જવાબ આપતાં શાસકોને પરસેવો પડ્યો



કેતન પટેલ

કડોદઃ કડોદ-મીયાવાડી ગ્રામ પંચાયતમાં યોજાયેલી ખાસ ગ્રામસભા ભારે વાદ-વિવાદ અને હોબાળા સાથે પૂર્ણ થઈ હતી. ગામમાં સફાઈ, ગટર લાઈન અને પીવાના પાણીની વિકટ સમસ્યાઓથી રોષે ભરાયેલા ગ્રામજનોએ સભા શરૂ થતાં જ પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો. લોકપ્રશ્નોના આક્રમક માહોલ સામે સરપંચ સહિતના સત્તાધીશો લાચાર દેખાયા હતા, જ્યારે કેટલાક ચુંટાયેલા સભ્યોની ગેરહાજરીથી લોકોમાં વધુ આક્રોશ વ્યાપ્યો હતો. સભામાં અમુક જ વિસ્તારમાં સીસીટીવી કેમેરા મૂકવા, બંધ સ્ટ્રીટ લાઈટ્સ અને હેન્ડપંપના હિસાબ મુદ્દે ગરમાગરમ બહસ થઈ હતી. આ ઉપરાંત કડોદમાં મુકાઈ રહેલા સ્માર્ટ મીટરનો લોકોએ ઉગ્ર વિરોધ કર્યો હતો તથા વીજ કંપનીના ડિવિઝનને માંડવીથી પરત બારડોલી ખસેડવાની માંગ કરી હતી. પાણીની લીકેજ અને જૂની ટાંકીઓની સમસ્યા અંગે પંચાયતે સ્પષ્ટતા કરી હતી કે નવી 3 લાખ લીટરની પાણીની ટાંકી મંજૂર કરવા સરકારમાં રજૂઆત કરવામાં આવી છે.

## કીમ ગ્રામસભામાં દબાણ-આડેધડ પાર્કિંગ મુદ્દે રજૂઆત

### ઓવરબ્રિજ પર સ્પીડ બ્રેકર, ટ્રાફિક નિયંત્રણ અને સિટી સરવે કચેરી શરૂ કરવાની માંગ

કીમઃ ગાંધી જયંતીના અવસરે કીમ ગ્રામ પંચાયત હોલ ખાતે ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સરપંચ પ્રવીણ પટેલ, ડેપ્યુટી સરપંચ મનોજ મેવાડ, તલાટી, જિલ્લા/તાલુકા પંચાયતના સભ્યો અને જિલ્લા મેલેરિયા અધિકારી મહેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સભા દરમિયાન જિલ્લા મેલેરિયા અધિકારીએ રોગચાળાથી બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપ્યું હતું, જ્યારે તલાટી દ્વારા વિવિધ સરકારી યોજનાઓની માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, બાળવિવાહ જેવી કુરિવાજો અટકાવવા માટે ગ્રામજનોને સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા.



કિરણ ઢોડિયા

ગ્રામજનોએ કીમ ઓવરબ્રિજ નજીક અકસ્માત રોકવા સ્પીડ બ્રેકર મૂકવા તથા ઓવરબ્રિજ નીચે અને બજાર વિસ્તારમાં આડેધડ પાર્કિંગ અને ટ્રાફિકને અડચણરૂપ દબાણો દૂર કરવા માંગ કરી હતી. ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ બનાવવા ઓવરબ્રિજ નીચે બે જીઆરડી જવાનો મૂકવાની પણ રજૂઆત થઈ હતી. આ ઉપરાંત કીમ ખાતે લાખોના ખર્ચે તૈયાર થયેલી સિટી સરવે કચેરી વહેલી તકે શરૂ કરવાની માંગ ઊઠી હતી. હાલ લોકોને આ કામગીરી માટે ઓલપાડ જવું પડે છે, જેથી આ કચેરી શરૂ થતાં કીમ અને આસપાસનાં ગામોને મોટો લાભ મળશે. સરપંચ પ્રવીણ પટેલે તમામ પ્રશ્નો શાંતિપૂર્વક સાંભળી યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

# બારડોલીમાં કોંગ્રેસનો તમાશો સસ્તી પ્રસિદ્ધિ માટે સ્વચ્છ પ્રતિમાની સફાઈનું નાટક!

### રચનાત્મક કાર્યોને બદલે ધારાસભ્ય અને અન્ય નેતાઓને ટાર્ગેટનો પ્રયાસ

બારડોલીઃ બારડોલીમાં ગાંધી જયંતિની પૂર્વ રાત્રે કોંગ્રેસ દ્વારા સોશિયલ મીડિયા પર સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે વધુ એક રાજકીય સ્ટંટ કરવામાં આવ્યો છે. સુરતી જકાતનાકા ખાતે આવેલી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમાની સફાઈ કરવાનો દેખાડો કરી કોંગ્રેસના કાર્યકરોએ વાહવાહી લૂંટવાનો પ્રયાસ કર્યો છે. વાસ્તવિકતા એ છે કે સ્થાનિક નગરપાલિકા દ્વારા આ પ્રતિમાની દરરોજ નિયમિત સફાઈ કરવામાં આવે જ છે. તેમ છતાં, માત્ર વિડીયો ઉતારીને તેને વાયરલ કરવા પૂરતું આ સફાઈનું નાટક ભજવવામાં આવ્યું હતું.

કોંગ્રેસનો આ સમગ્ર દેખાડો માત્ર ને માત્ર સ્થાનિક ધારાસભ્ય ઈશ્વર પરમાર અને સત્તાધારી પક્ષના અન્ય નેતાઓને નિશાન બનાવવાના હેતુથી કરવામાં આવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સોશિયલ મીડિયામાં સક્રિય દેખાવાની અને રાતોરાત સસ્તી પ્રસિદ્ધિ મેળવવાની લ્હાયમાં કોંગ્રેસ આવા રાજકીય ખેલ ખેલી રહી છે. રચનાત્મક કાર્યો કરવાને બદલે, ધારાસભ્ય અને અન્ય નેતાઓને ટાર્ગેટ કરવા અને તેમની સામે ખોટો માહોલ ઊભો કરવાના ઈરાદાથી જ આ પ્રકારના ફોટો સેશન અને વિડીયો શૂટિંગના તૂત ઊભા કરવામાં આવી રહ્યા છે.

# પલસાણામાં કતલખાને લઈ જવાતી ૧૮ ભેંસ ભરેલો ટેમ્પો ઝડપાયો

### એક આરોપીની ધરપકડ, અન્ય બે આરોપી વોન્ટેડ

પલસાણાઃ પલસાણાના વણેસાની સીમમાંથી પસાર થતા નેશનલ હાઈવે નં.૫૩ પરથી પલસાણા પોલીસે ગૌરક્ષકોની મદદથી કતલના ઈરાદે લઈ જવાતી ૧૮ ભેંસને મુક્ત કરાવી છે. પોલીસે આઈશર ટેમ્પો અને ભેંસો મળી કુલ રૂ.૭,૭૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી છે. જ્યારે નાસી છૂટેલા અન્ય બે આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે.

પલસાણા પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ જીગ્નેશભાઈ રાજુભાઈ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર ગત ૧લી ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૪૫ વાગ્યાની આસપાસ વણેસાની સીમમાં પલસાણાથી બારડોલી તરફ જતા નેશનલ હાઈવેના કટ પાસે શંકાસ્પદ આઈશર ટેમ્પો નં.(GJ-16-AV-8340)ની તપાસ કરવામાં આવી હતી. આ બંધ બોડીના ટેમ્પોમાં કોઈ પણ પ્રકારના પાસ પરમિટ કે પશુ ચિકિત્સકના પ્રમાણપત્ર વિના ૧૮ જેટલી ભેંસોને ખીચોખીચ અને ક્રૂરતાપૂર્વક ભરેલી હાલતમાં મળી આવી હતી. પોલીસ અને ગૌરક્ષકોને જોઈ ટેમ્પોનો ક્લીનર ઘટના સ્થળેથી નાસી છૂટ્યો હતો.

આ કાર્યવાહીમાં પોલીસે રૂપિયા ૧૫,૦૦૦ લેખે ૧૮ ભેંસની કિં.રૂ.૨,૭૦,૦૦૦ અને રૂ.૫,૦૦,૦૦૦ની કિંમતનો આઈશર ટેમ્પો મળી કુલ ૭.૭૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે સ્થળ પરથી ટેમ્પાના ડ્રાઈવર સમીરભાઈ મુશાભાઈ પટેલ (ઉં.વ.૩૧) (રહે.,સાંપા, તા.કરજણ, જિ.વડોદરા)ની ધરપકડ કરી છે. જ્યારે સ્થળ પરથી ભાગી છૂટેલા ક્લીનર ફારૂક કોલા (રહે.,વલણ, તા.કરજણ) અને વડોદરાના વલણ ખાતેથી આ ભેંસો ભરાવી આપનાર મુખ્ય સૂત્રધાર ઈકરામ મુશાભાઈ ડંમકીવાલાને વોન્ટેડ જાહેર કર્યા છે. આ સમગ્ર મામલે પલસાણા પોલીસ સ્ટેશનમાં ત્રણેય આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ આ ગુનાની વધુ તપાસ પલસાણા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર એ.કે.રાઉલજી ચલાવી રહ્યા છે.

## પાસોદરા પાટિયાની મહિલા સાથે ઠગાઈ

કામરેજઃ પાસોદરા પાટિયા પાસે વાસ્તુ પેલેસ એપાર્ટમેન્ટમાં ફ્લેટ નંબર એચ-604માં રહેતાં અનસુયાબેન વિનુભાઈ ઠુમ્મર સાથે દીકરી ભૂમિકા સાથે સગાઈ કરનારા યુવક જયદીપ સભાડીયા (રહે.,નવકાર રેસિડન્સી, નવાગામ) એ રૂ.૨૮,૬૯,૨૨૨ની છેતરપિંડી કરી હોવાની ઘટના સામે આવી છે. સગાઈ દરમિયાન જયદીપે વેપારના બહાને અનસુયાબેનના નામે જી.એસ.ટી. નંબર અને બેંક એકાઉન્ટ મેળવ્યું હતું. સગાઈ તૂટી ગયા પછી પણ અનસુયાબેનની જાણ બહાર એકાઉન્ટનો ઉપયોગ ચાલુ રાખી અન્ય પાર્ટીને રૂ.૨૮.૬૯ લાખથી વધુનો ચેક આપી દીધો હતો, જે બાઉન્સ થયો હતો. નોટરી રૂબરૂ ૧૫ દિવસમાં નાણાં ચૂકવી આપવાની બાંયધરી આપ્યા છતાં રકમ ન ચૂકવતાં અનસુયાબેને કામરેજ પોલીસ મથકે જયદીપ સામે ફરિયાદ નોંધાવી હતી.

## પલસાણાના નાની ધામડોદમાં નહેરમાંથી અજાણ્યાની લાશ મળી

પલસાણાઃ પલસાણાના નાની ધામડોદ ગામની સીમમાં ખેતર વચ્ચેથી પસાર થતી નહેરમાંથી આશરે ૩૫થી ૪૦ વર્ષીય અજાણ્યા પુરુષનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. ૧લી ઓક્ટોબરના રોજ બનેલી આ ઘટનાની જાણ સ્થાનિક ખેડૂતે પોલીસને કરી હતી. મૃતકે બ્લ્યુ રંગનું ટી-શર્ટ (જેના પર અંગ્રેજીમાં 'સંદીપણી' લખેલું છે) અને ડાર્ક બ્લ્યુ પેન્ટ પહેરેલું છે. પલસાણા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતકની ઓળખ મેળવવા અને મોતનું સાચું કારણ જાણવા સઘન તપાસ હાથ ધરી છે.

# 'તું વધારે બોલશે તો હું તને જીવતી નહીં રહેવા દઉં'

### નઘોઈમાં બાથરૂમના પાણીના નિકાલની અદાવતમાં બખેડો

સાયણઃ ઓલપાડના કાંઠાના નઘોઈ ગામે ઘરના બાથરૂમના પાણીના નિકાલ બાબતે જૂની અદાવતમાં એક ગૃહિણીને જાનથી મારી નાંખવાની ધમકીનો મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો છે.

નઘોઈ ગામે વેરાઇ ફળિયામાં પારૂલબેન દીપકભાઇ પટેલ (ઉં.વ.૩૫) રહે છે. આ ફળિયામાં હરિભાઇ જીવણભાઇ પટેલ પણ રહે છે. બંને પરિવાર વચ્ચે ઘરના બાથરૂમના પાણીના નિકાલ બાબતે ઘણા સમયથી અણબનાવ હતો. જે જૂની અદાવતમાં ગત તા.૨૯ સપ્ટેમ્બરના રોજ સાંજે ૬:૩૦ કલાકે ગામના રહીશ અનિલ રસિકભાઇ પટેલના ઘરની પાછળના ભાગના ફળિયામાં આ બંને પરિવાર વચ્ચે ફરી ઝઘડો થયો હતો. આ ઝઘડામાં આરોપી પરિવારના ૪ ઈસમ પૈકી હરિભાઈ, તેજલબેન હર્ષદભાઈ, દિલીપ અને પાર્વતીબેન પટેલે ફરિયાદી પારૂલબેન સાથે બોલાચાલી કરી જાહેરમાં ગાળો આપી હતી. આ બબાલ સમયે હરિભાઈએ 'તું વધારે બોલશે તો હું તને જીવતી નહીં રહેવા દઉં' તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી ગભરાયેલી ફરીયાદી પારૂલબેન પટેલે ગત તા.૧ના રોજ આરોપી પરિવારના ચાર શખ્સ વિરુદ્ધ મોડી રાત્રે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો. તેજશ પ્રકાશ કરી રહ્યા છે.

# તરસાડા નજીક કારની અડફેટે બાઈક સવારનું મોત, મિત્ર ઘાયલ

માંડવીઃ માંડવીના તરસાડા ગામમાં મહાકાલી પુરી આશ્રમ નજીક ગત રાત્રે ઈકો કાર નં.(GJ-26-A-7167) અને હોન્ડા શાઈન મોટરસાઈકલ નં.(GJ-26- AJ-0386) વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ઉચ્છલના ૨૫ વર્ષીય મનોજભાઈ વસાવાનું મોત નીપજ્યું હતું. જ્યારે તેમની સાથે રહેલા સનિતભાઈ વસાવા (ઉં.વ.૨૦) ગંભીર રીતે ઘવાયા હતા. સામેથી પૂરપાટ ઝડપે આવતી ઈકો કારના ચાલક મુકેશભાઈ ચૌધરીએ બાઈકને ધડાકાભેર ટક્કર મારી હતી. અકસ્માત બાદ કાર ચાલક બંનેને હોસ્પિટલ લઈ ગયો હતો, જ્યાં મનોજભાઈને મૃત જાહેર કરાયા હતા. માંડવી પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



હિતેશ પટેલ

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલી સ્વરાજ આશ્રમ ખાતે ગાંધીજીને પુષ્પાંજલિ



બારડોલી : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત 'સ્વચ્છતા હી સેવા'ના સંદેશને સાકાર કરવા સુરત જિલ્લાના ઐતિહાસિક અને આઝાદીની ચળવળના સાક્ષી એવા બારડોલી સ્વરાજ આશ્રમ ખાતે ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર અને કલેક્ટર તેજસ પરમારે મહાત્મા ગાંધીજીને સૂતરની આંટી અને પુષ્પાંજલિ અર્પણ કરી સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ શ્રમદાન કર્યું હતું. મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. આ વેળાએ સ્વરાજ આશ્રમથી શહીદ ચોક સુધીના માર્ગ પર તેમજ અસ્તાન ફાટક હનુમાનજી મંદિર વિસ્તારમાં વ્યાપક સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ નીલમબેન વ્યાસ, નગરપાલિકા ચીફ ઓફિસર મિલનભાઈ પલસાણા, પ્રાંત અધિકારી રોશની પટેલ, મામલતદાર ભરત પટેલ, તાલુકા વિકાસ અધિકારી, આરોગ્ય અધિકારીઓ-કર્મચારીઓ સહિત આશ્રમ પરિવારના સભ્યો તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ઓલપાડમાં આંકડાનો જુગાર રમાડનારો ઝડપાયો

સાયણઃ ઓલપાડ પોલીસે મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરી ઓલપાડ ટાઉન અને પરીઆ ગામની સીમમાં મુંબઈ ટાઇમ્સ બજારના આંકડાનો જુગાર રમાડતા આરોપી ચંદન ગિરજાશંકર પટેલ (રહે.,સિવાણ)ને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આરોપી બંને સ્થળોએ જાહેરમાં લોકો પાસે પૈસા લઈ આંકડા ફરકાવી હાર-જીતનો જુગાર રમાડતો હતો. પોલીસે તેની પાસેથી રોકડા રૂ.10,200 અને રૂ.7,000ની કિંમતનો મોબાઈલ મળી કુલ રૂ.17,200 નો મુદ્દામાલ કબજે કર્યો છે.

### સાયણમાં શ્રમિકની દીકરીનો આપઘાત

સાયણઃ સાયણ ટાઉનના કાશી ફળિયામાં ભાડેથી રહેતા મૂળ મધ્યપ્રદેશના સુખવીર પાલની ૧૩ વર્ષીય પુત્રી પૂનમે ગત ગુરુવારે અગમ્ય કારણોસર રૂમના સીલિંગ ફેન સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે પિતાએ જાણ કરતાં ઓલપાડ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### પલસાણામાં છેતરપિંડી બદલ ફરિયાદ

પલસાણાઃ પલસાણાના માખીંગા સ્થિત બ્લિંકિટ કંપનીના વેરહાઉસમાં રૂપિયા ૯,૬૬,૫૦૦નું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. કંપનીના સિક્યુરિટી ઓફિસર શશીકાંત અખાડેએ લિક્વિડેશન મેનેજર મહમદ સાબીર અંસારી સામે પલસાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. આરોપીએ બારડોલીના સબ-વેન્ડર ઇમરાન રાયન સાથે સાંઠગાંઠ કરી ખરાબ માલને બદલે સારો માલ વેચી દીધો હતો અને રકમ પોતાના સંબંધીના ખાતામાં ટ્રાન્સફર કરાવી હતી. જાવેદ નામના વેન્ડરે સ્ટિંગ ઓપરેશન કરી પુરાવા આપતાં કૌભાંડ ખુલ્લું પડ્યું હતું. પલસાણા પોલીસે નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### RNGPITના વિદ્યાર્થીઓની ઐતિહાસિક સિદ્ધિ

બારડોલીઃ બારડોલીની આર.એન.જી. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના કોમ્પ્યુટર સાયન્સના બીજા વર્ષના વિદ્યાર્થીઓએ વૈશ્વિક સ્તરે ડંકો વગાડ્યો છે. શિશ મહેતા, દેવ પટેલ અને ક્રિશ ભગતની ટીમે તૈયાર કરેલાં ત્રણ સંશોધનપત્રો ફ્રાન્સ અને ઓસ્ટ્રેલિયામાં યોજાનાર પ્રતિષ્ઠિત NeurIPS 2026 વર્કશોપમાં પ્રેઝન્ટેશન માટે પસંદ થયા છે. આ સાથે જ તેઓ એક જ વર્ષમાં ત્રણ NeurIPS વર્કશોપ પેપર્સ સ્વીકૃત કરાવનાર ભારતની સૌપ્રથમ અંડરગ્રેજ્યુએટ ટીમ બની છે. તેમનાં બે પેપર્સ ડિફ્યુઝન લેંગ્વેજ મોડલ્સ પર અને એક પેપર સ્મોલ લેંગ્વેજ મોડલ્સ (SLM-Agents) પર કેન્દ્રીત છે. સંસ્થાના ડિરેક્ટર ડો.લતેશ બી. ચૌધરીએ આ ઐતિહાસિક સિદ્ધિ બદલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

### ઓલપાડની ભટગામ પ્રાથમિક શાળામાં કાર્યક્રમ



જયેશ પટેલ

સાયણઃ ઓલપાડની ભટગામ પ્રાથમિક શાળા ખાતે મહાત્મા ગાંધીજીની ૧૫૭ મી જન્મ જયંતી ઉજવણી ખૂબ જ ઉત્સાહભેર કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ૧૯૩૦ની ઐતિહાસિક દાંડીકૂચ દરમિયાન બાપુએ ભટગામ પ્રાથમિક શાળામાં રાત્રિ રોકાણ કર્યું હતું. આ ઐતિહાસિક સ્થળે આજે પણ ગાંધીજીનાં પગલાંની યાદ તાજી છે. કાર્યક્રમની શરૂઆત પ્રભાતફેરીથી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ રઘુપતિ રાઘવ રાજા રામ ભજન અને ગાંધીજીનાં પ્રિય સૂત્રો સાથે ગામમાં ફેરી કરી હતી. ત્યારબાદ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. શાળાનાં આચાર્ય વિજય પટેલે ગાંધીજીના જીવનના સત્ય, અહિંસા અને સ્વાવલંબનના સિદ્ધાંતો વિશે પ્રેરક ઉદબોધન કર્યું હતું. કન્વીનર કમ કેરટેકર ગૌરવ ગોસ્વામી તથા કાર્તિક પટેલે સૌને વ્યસનમુક્તિ અને સ્વચ્છતાનાં શપથ લેવડાવ્યા હતાં. અહીં યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધાનાં વિજેતાઓને તેમણે ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. બીજી તરફ શાળા પરિસરમાં ઉપશિક્ષિકા નિમિષા પટેલ, જીનલ પટેલ તથા કલ્પના પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીનીઓએ આકર્ષક રંગોળી તૈયાર કરી હતી. અંતમાં શાળાના ઉપશિક્ષક દીપક પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

### સીઆરસી કક્ષાના મેળામાં મદ્રેસા હાઈસ્કૂલની સિદ્ધિ



બારડોલીઃ બારડોલી સી.આર.સી. કક્ષાનો ગણિત વિજ્ઞાન પ્રદર્શન મેળો યોજાયો હતો, જેમાં મદ્રેસા હાઈસ્કૂલ બારડોલી, પ્રાથમિક વિભાગ ગુજરાતી માધ્યમે રજૂ કરેલી કૃતિ -1 આપત્તિ વ્યવસ્થાપન અને કૃતિ 2 ગ્રામીણ રૂપાંતરણ માટે વિકાસ બંને કૃતિએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. જેમાં ભાગ લેનાર વિદ્યાર્થિનીઓ જીવા મુસ્ફીરા, અન્સારી ખદિજા, પટેલ ફાતિમા, માકડા મુબશ્શિરા તેમજ કૃતિ 3 આરોગ્ય અને સ્વચ્છતા અને કૃતિ 4 સૌર ઉર્જા બંને કૃતિએ બીજો નંબર પ્રાપ્ત કર્યો છે. જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ જરીવાલા સીફા, ઘાંચી આયશાબેન, શેખ અસદ, ફકીર ઈરફાન અલી અને તેના માર્ગદર્શક શિક્ષકો માધવીબેન વસાવા, અફસાનાબેન મુલ્લા, યશકુમાર પટેલ, નિકુંજ પટેલ, શાલિનીબેન પટેલ, ટ્વિંકલબેન પટેલને શાળા સંચાલક મંડળ અને શાળાના પ્રાથમિક વિભાગના આચાર્ય ઇલ્યાસભાઈ રંગરેજ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

### અંકલેશ્વરમાં નિઃશુલ્ક તબીબી તપાસ શિબિર

અંકલેશ્વરઃ સામાજિક તથા સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર શ્રી સનાતન સેવા સમિતિ (રોયલ સનાતન ગ્રુપ)નાં ૯ વર્ષ પૂર્ણ થવા અને ૧૦મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે જરૂરિયાતમંદ લોકો માટે નિઃશુલ્ક તબીબી તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજપીપળા રોડ સ્થિત ગોપીનાથ સોસાયટી, સોનમ સોસાયટી નજીક યોજાયેલી આ શિબિરમાં પદ્મસિદ્ધ હેલ્થકેર, જી.આઈ.ડી.સી. અંકલેશ્વરના સહયોગથી રક્તચાપ, રક્તમાં શર્કરા, હૃદયની ઈસીજી સહિતની વિવિધ આરોગ્યલક્ષી તપાસ નિઃશુલ્ક કરવામાં આવી હતી. આ શિબિરમાં પદ્મસિદ્ધ હેલ્થકેરના ડો.હિરેન્દ્ર વ્યાસ તથા આરતીબહેન સહિતની તબીબી ટીમે સેવાઓ આપી ઉપસ્થિત લોકોને આરોગ્ય અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.